# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM AHMEDABAD

આજના આંતર રાષ્ટ્રીય  મહિલા દિન નિમિત્તે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાસણા સ્થિત તપોવન વિદ્યાવિહાર વિદ્યાલયનું લોકાર્પણ કર્યું હતું.. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં તેમણે વર્ગખંડોની પણ મુલાકાત લીધી હતી તેમણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોની સુવિધા માટે નવનિર્મિત સ્વ. બંસીભાઈ પ્રાણલાલ પટેલ બોડકદેવ સબ-ઝોનલ ઓફિસનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું.

આ ઉપરાંત આજે શ્રી પટેલના હસ્તે ઘાટલોડિયા ખાતે મહેસૂલ  વિભાગની સરકારી ચાવડી તથા અન્ન નાગરિક પુરવઠા વિભાગની કચેરીઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તેમજ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત જળવિતરણ વ્યવસ્થાનું પણ ઘાટલોડિયા ખાતે મુખ્યમંત્રીએ લોકાર્પણ કર્યુ હતું.

આ તમામ નવીન સુવિધાઓ કારણે લોકોની સેવાની કામગીરી સરળ બનશે અને નાગરિકોને ઝડપથી તેમની જરૂરિયાતો પૂર્ણ કરી શકાશે .

# THAKOR SAMAJ SAMUH LAGNOTSAV

લગ્ન બાદ ઘરે પધારેલી 'વહુ'ને પોતાની દીકરી માનીને આદર પ્રેમ આપવો જોઈએ તેવી શીખ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સમાજને આપી છે. ગાંધીનગર ખાતે આયોજિત ઠાકોર સમાજના ૩૫મા સમૂહ લગ્નોત્સવમાં નવદંપતીઓને આશીર્વાદ આપતા મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે સામાજિક દૂષણો દૂર કરવા અને સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા સમાજના આગેવાનોની મહત્વપૂર્ણ ભૂમિકા છે. રાજ્ય સરકારની યોજનાઓના લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા મંત્રીએ સમાજના અગ્રણીઓને અપીલ કરી હતી.

# HARSH SANGHVI

અમદાવાદના મોટેરા સ્થિત નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે ટી-20ની ફાઇનલ મેચ યોજાવા જઇ રહી છે ત્યારે અમદાવાદમાં દેશવિદેશથી ક્રિકેટ રસિકો આવી રહ્યાં છે.. આ મેચ નિહાળવા ક્રિકેટ ફેન્સની સાથેસાથે પૂર્વ ક્રિકેટર્સ, નેતાઓ અભિનેતાઓ અને નામાંકિત વ્યક્તિઓ અમદાવાદ આવી રહ્યાં છે.. ત્યારે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તમામનું સ્વાગત કર્યું હતું. તેમજ આ રોમાંચક મેચ માણવા લોકોને ખૂબ જ આનંદ આવશે તેવી આશા વ્યક્ત કરી હતી.

(બાઇટ- હર્ષ સંઘવી)

# MATCH

ટી-20 ક્રિકેટ વિશ્વ કપનો આજે અમદાવાદમાં મહામૂકાબલો છે. અમદાવાદના વિશ્વના મોટા એવા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે સાંજે સાત વાગે ભારત અને ન્યુઝિલેંડ વચ્ચે ફાઇનલ મેચ શરૂ થશે. દેશની સાથેસાથે અમદાવાદનો માહોલ ક્રિકેટમય બની ગયો છે. ક્રિકેટ ચાહકો અત્યારથી જ મોટેરાના સ્ટેડિયમ ખાતે પહોંચી રહ્યાં છે. ક્રિકેટ રસિયાઓમાં અનેરો ઉત્સાહ છે અને ભારતના વિજયની આશા સાથે ક્રિકેટ ફેન્સ સ્ટેડિયમ પહોંચી રહ્યાં છે. ટીમ ઇન્ડિયાના ટી-શર્ટ, ઝંડા કેપની મોટાપાયે ખરીદી કરવામાં આવી રહી છે.

ત્યારે ટીમ ઇન્ડિયાના સુકાની સૂર્યકુમારયાદવે કહ્યું હતું કે જીતવા માટે તમામ પ્રયાસો કરીશું.

(બાઇટ- સૂર્યકુમાર યાદવ)

# Mahila divas- district

અમદાવાદમાં આજે આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં

ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ઓક્સિજન પાર્ક, સિંધુભવન રોડ અમદાવાદ ખાતે આયોજિત 'Walk For Her' કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

આંતરરાષ્ટીય મહિલા દિવસ નિમિત્તે “સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકૂલ, પાંચોટ, મહેસાણા ખાતે "ASMITA” લીગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બાળ સંરક્ષણ આયોગના વર્ષાબેન પટેલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભેચ્છાઓ પાઠવીને અસ્મિતા લિગમાં ભાગ લઈ રહેલ તમામ યુવતીઓને અભિનંદન પાઠવ્યા હતા. 100, 200, 400 મીટર દોડ અને રસ્સા ખેંચ જેવી સ્પર્ધાઓમાં યુવતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

જયારે જામનગરમાં 8 ગુજરાત નેવલ યુનિટ એનસીસી દ્વારા સ્વાસ્થ્ય જાગૃતિના સંદેશ સાથે વહેલી સવારે સાઇકલ રેલી યોજવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લા જેલ ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાઈ. હિંમતનગર ખાતે

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઊજવણી નિમિત્તે ધારાસભ્યવિનેન્દ્રસિંહ ડી. ઝાલાની ઉપસ્થિતિમાં 'અસ્મિતા  લીગ'નું આયોજન કરાયું.

મહિલાઓ લગ્નજીવન, બાળકો અને પરિવારની જવાબદારી સાથે તેઓ સરકારમાં સર્વોચ્ચ પદ પર નિષ્ઠાપૂર્વક કાર્ય કરી રહી છે. ત્યારે અંતરિયાળ છોટાઉદેપુર જિલ્લામાં પણ નારી શક્તિ દ્વારા સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે.

મહિલા દિવસને લઈને અરવલ્લી જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ. મોડાસામાં સાયકલિંગ અને વોકેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું.

.